# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧




દેશમાં બધેય ખેડૂતો મરે જ છે ને?
મોંઘવારીમાં મોટા ખેડૂતો તરે જ છે ને?
બાબા ઠાકરો કાયદા ભંગ કરે જ છે ને?
બાળ-બલિના રાક્ષસો મુક્ત ફરે જ છે ને?
(કાયદા ને માને છે કોણ?)




ઘર તો મળ્યું!
તમે ધો તાળું-ચાવી -
ને બાપા ગેસ!

હિપ્નોટાઇઝ્ડ
ભલું-ભોળું-રાંકડું -
ત્રિવેદી પંચ!

## ચિંતન

પોતો દુરસ્ત વારિ રાશિ તરણે દીપોન્ધકારાગમે નિર્વાતે વ્યંજનં મદાન્ધકરિં દર્પોપશાંન્તૈ સૃણિઃ ॥
ઇત્થં તદ્ ભુવિ નાસ્તિ યસ્ય વિધિના નોપાયચિંતા કૃતા મન્યે દુર્જન ચિત્તવૃત્તિ હરણે ધાતાપિ ભગ્નોદ્યમઃ ॥

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'દુર્જન નિંદા' નો આ શ્લોક છે :

આ શ્લોકમાં વિશ્વમાં જે જે સંકટ-મુશ્કેલી-આપત્તિ-દુઃખો છે તેના બ્રહ્માજી એ બધાના ઉપાય-ઇલાજ પણ બતાવ્યાં છે જેમ કે -

દુરસ્ત વિશાળ-ઉંડાણવાળો સમુદ્ર ને તરવા માટે નાવ-નૌકા બનાવી છે,

અંધકાર દૂર કરવા માટે દીવાનો પ્રકાશ બનાવ્યો છે. જો હવા-પવન ન હોય, ગરમી થાય એને માટે પંખા-વિંઝણા બનાવ્યાં છે.

હાથી જેવાં વિશાળ-કદાવર મદોન્મત્ત પ્રાણીને કાબૂમાં રાખવા 'અંકુશ' બનાવ્યું છે.

આમ જયાં જયાં જેટલાં સંકટ છે તેનાં નિકાલ-ઉપાય માટે બ્રહ્માએ સાધન-ઉપચાર પણ વિચારીને બનાવ્યાં - મૂક્યાં છે.

પણ શ્લોકના રચયિતા કવિ કહે છે કે દુષ્ટ-દુર્જનની હૃદયની વૃત્તિઓ - તેના વિચાર અને તેના પ્રયોજન સમજવા અને તેને દૂર કરવા માટે નો કોઇ ઉપાય બ્રહ્માને પણ મળ્યો નથી. એટલે બ્રહ્મા એની વૃત્તિ સામે રક્ષણ મેળવવાનો ઇલાજ શોધવામાં નિષ્ફળ ગયા છે.

## સુવિચાર

- ગરીબી ખાનદાનીને કદાપિ દબાવી શકાતી નથી - **કાકા કાલેલકર**
- પ્રતિભા-ચારિત્ર્યની દાસી માત્ર છે - **દયાનંદ સરસ્વતી**
- સ્ત્રી મોટામાં મોટું દુઃખ પણ સ્મિતથી વ્યક્ત કરી શકે છે - **જયશંકર પ્રસાદ**
- જેમ સોનામાં જડેલું રત્ન શોભે છે તેમ વિવેકથી મઢેલો મનુષ્ય શોભે છે - **ચાણક્ય**
- જેને હારવાનો ડર છે તેની હાર નિશ્ચિત છે - **નેપોલિયન**
- નિષ્ફળતા અપરાધ નથી, નીચું ધ્યેય જ અપરાધ છે - **જે.આર. લાવેલ**
- દરેક સારું કાર્ય પહેલાં અસંભવિત લાગે છે - **કાર્લાઇલ**

## બોધ કથા

આજકાલ તો પ્રધાનશ્રીઓ, સચિવો તેમના પીએશ્રીઓ તથા પોલીસ અધિકારીઓ નાની અમથી વાતમાં દબાણ-ભલામણ ચીઠ્ઠી - ધમકી આપ્યા જ કરતા હોય છે. 'મને ઓળખતો નથી હું કોણ છું?' આવી ધમકીને દાદ ન દેનારા ડાંગ દર્શને જવું પડે! પછી કોનું 'મોરલ' ટકે?

ગુજરાતનું ખ્યાત ખાતરનું કારખાનું વડોદરા પાસે છે (જી.એસ.એફ.સી) તેવા વિકાસના પાયામાં પ્રથમ મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે.આર. શ્રીવત્સનો સિંહફાળો છે. શ્રી વત્સ કર્તવ્યનિષ્ઠ, નીડર અને નિખાલસ - સંવેદનશીલ વ્યક્તિ તો હતા જ પણ ફરજ અને મૂલ્યોના જતન માટે પણ હિંમતવાન-શક્તિશાળી પુરૂષ હતા.

દિલ્હીના જી.એસ.એફ.સી. ના ગેસ્ટ હાઉસમાં મેનેજરની જગ્યા ભરવાની હતી. આવી મહત્ત્વની અને મધઝરતી જગ્યા માટે તે વખતનાં એક ઉપરાષ્ટ્રપતિના કાર્યાલયમાંથી ચોક્કસ વ્યક્તિની 'ભલામણ' માટે ફોન આવ્યો. શ્રી વત્સ સાથે જ સીધી વાત થઇ.

ત્યારે, નીડર-સ્પષ્ટવક્તા શ્રી વત્સે જવાબ દીધો, 'ઉપરાષ્ટ્રપતિ હોદ્દાનો લાભ તેમના સગાને ન આપી શકાય..'

... અને ફોન - સંબંધ કપાઇ ગયો.

## નેશનલ ટાઇગર કન્ઝર્વેશન ઓથોરીટી વાઘોનાં સંરક્ષણ માટે તત્પરતા પૂર્વક ફરજ બજાવી રહી છે, સાયન્ટિફીક અપ્રોચ કે વૈજ્ઞાનિક અભિગમ સાથે કામ કરી રહી છે, પ્રોજેક્ટ ટાઇગર વિશ્વભરમાં એક મોડેલની જેમ ઉભરી આવ્યું છે

### એક થા ટાઇગર

**કોફી હાઉસ**
- ઉત્સવ પરમાર

તે એક શાનદાર જાનવર છે, આંખોમાં તોફાન લઇને ચાલતો હોય એમ તીક્ષ્ણ નજરોથી જુએ છે; શાનૌ-શૌક્તથી બેઠો હોય ને પોતાના પંજા ચાટે ત્યારે તે કોઇ શહેનશાહની માફક જ લાગે... ગઇ બે સદીઓમાં ગુલામ હિન્દુસ્તાની રિયાસતનાં સિયાસતદ્દારો - રાજાઓ - નવાબો - મહારાજાઓ એ આ શહેનશાહી જાનવરની શાનો-શૌક્તનો શિકાર કરવાની ક્રૂર મજા લઇ ચૂક્યા છે અને હવે આ પ્રાણી સંકટમાં દરવાજે ઊભું છે...

ટાઇગર... ધ નેશનલ એનિમલ ઓફ ઇન્ડિયા!!

વાઘ મહત્ત્વપૂર્ણ પાણી રહ્યું છે, ૧૯૭૨ની સૌ પ્રથમ વાઘોની વસ્તી ગણતરીનાં આંકડાઓએ ભારતને ચોંકાવી દીધું અને પછીનાં વર્ષથી વિશ્વભરમાં અન્ય કયાંક ન હોય એવી મુહિમ શરૂ થઇ એટલે પ્રોજેક્ટ ટાઇગર. ઘણા વખત સુધી એરસેલની સેવ અવર ટાઇગર કેમ્પેઇનમાં ધોની આવતો અને કહેતો સિર્ફ ૧૪૧૧ ટાઇગર બચે હૈ ઇન્ડિયા મેં... લેટેસ્ટ આંકડો ૧૭૦૬ છે. પણ સ્થિતિ ચિંતાજનક છે, વાઘોનો નિરંતર શિકાર હજી યથાવત્ છે. ગયા વર્ષે એક યા બીજા કારણોસર ૫૬ વાઘ મોત પામ્યા, ૨૦૧૦માં ૫૨ વાઘ જેમાંથી ૨૪ વાઘ શિકારથી માર્યા ગયા અને આશ્ચર્યજનક આંકડો જૂન-૨૦૧૨ સુધીનો - છ માસિક આંકડો છે જેમાં ૪૮ વાઘોનાં મૃત્યુની ખબર છે. હાલમાં જ સુપ્રિમકોર્ટે ટાઇગર રિઝર્વ ધરાવતાં વિસ્તારોમાં ઇકો-ટુરિઝમ પર રોક લગાવી છે. શિકારીઓની વધતી પ્રવૃત્તિ અને અસંયમિત પર્યટન વાઘો માટે પરેશાનીનું કારણ બની રહ્યાં છે. ચીની બજાર એ તસ્કરીનું મોટું બજાર માનવામાં આવે છે. અને વખતોવખત તે બાબતે સ્ટીંગ ઓપરેશન થાય છે કે ઇન્ટરનેશનલ મીડિયામાં પણ ખબરો આવતી રહે છે. કાયદા કડક છે પણ અમલ કદાચ કયાંક ઢીલો પડે છે.



પણ જયાં સખ્ત આદેશ આપવામાં આવ્યાં છે. ત્યાં અસર પડે છે અને જબરદસ્ત પડે છે. હાલમાં પોચિંગ કે શિકારની યોજનાની બાતમી મળતાં મહારાષ્ટ્ર વન વિભાગે ફોરેસ્ટ ગાર્ડઝને શિકારીને "શૂટ એટ સાઇટ" નો આદેશ આપેલો, શૂટ એટ સાઇટનો આદેશ વાઘ તથા ગેંડાના શિકારને રોકવામાં આ પહેલાં પણ ઘણો સફળ નીવડ્યો છે.

હાલમાં ભારતમાં કુલ ૪૧ ટાઇગર રિઝર્વ છે, છેલ્લે ૨૦૧૧માં કુર્દેમુખ તથા બી.આર.હિલ્સ, કર્ણાટકને ટાઇગર રિઝર્વ જાહેર કરવામાં આવ્યાં. પ્રોજેક્ટ હેઠળ મહત્તમ ક્ષેત્ર ૩૦૦ ચો.કિમી. રાખવામાં આવ્યો છે જેને "કોર એરિયા" અને "બફર એરિયા" માં વહેંચી દેવામાં આવ્યો છે, કોર એરિયા એટલે એ વિસ્તાર જયાં માનવીય પ્રવૃત્તિઓ પર સંપૂર્ણ નિષેધ અને બફર એરિયા એ વિસ્તાર છે જયાં નિયંત્રણ હેઠળ પ્રવૃત્તિઓ થાય છે, ખાસ તો આવા વિસ્તારની જરૂર એ જંગલ નિવાસી પ્રજાતિઓ પર કાયદાકીય આપત્તિ ના આવી પડે અને તેઓ પોતાનો નિર્વાહ કરી શકે તે માટે પણ છે. પ્રોજેક્ટ ટાઇગરનો અમલ કરાવવાની જવાબદારી જે - તે રાજયની છે અને હાલમાં પ્રોજેક્ટ ટાઇગર ૧૭ જેટલાં રાજયોમાં વિસ્તરેલા છે. ભારતમાં લોકપ્રિય અને પ્રખ્યાત કોર્બેટ નેશનલ પાર્ક એ એક ટાઇગર રિઝર્વ પણ છે. બાંદીપુર, કાન્હા, સુંદરવન, રણથંભોર, સારિસ્કા, પન્ના, કાઝિરંગા, વગેરે ઘણાં પ્રચલિત ટાઇગર રિઝર્વ છે પરંતુ તેમાંથી સારિસ્કા અને પન્નામાં વાઘની સંખ્યા શૂન્ય છે.

હાલમાં ચાર નવા ટાઇગર રિઝર્વ માટેનાં પ્રયત્નો ચાલું છે.

વાઘની ગણતરી દર ચાર વર્ષે એક વાર થાય છે. વાઘના પગનાં નિશાન દ્વારા ગણતરી કરવાની પધ્ધતિ હતી પરંતુ માનવીય ભૂલો થવાની સંભાવના વધી જાય છે. પરંતુ હવે જીઆઇએસ, કેમેરા ટ્રેપિંગ, સ્કેટ ડીએનએ., જેવી તકનીકો વાઘોની ગણતરીમાં મદદરૂપ બની રહી છે. નેશનલ ટાઇગર કન્ઝર્વેશન ઓથોરીટી વાઘોનાં સંરક્ષણ માટે તત્પરતા પૂર્વક ફરજ બજાવી રહી છે. સાયન્ટિફીક અપ્રોચ કે વૈજ્ઞાનિક અભિગમ સાથે કામ કરી રહી છે. પ્રોજેક્ટ ટાઇગર વિશ્વભરમાં એક મોડેલની જેમ ઉભરી આવ્યું છે. અને વાઘોનાં સંરક્ષણ ક્ષેત્રે ભારતને મળેલી આંશિક સફળતાને પગલે અન્ય દેશો પણ ભારતીય મોડેલનો અભ્યાસ કરે છે.

વાઘમાં એક કાતિલ ખૂબસૂરતી છે, બિલાડી કુળનાં પ્રાણીઓમાં હોય એવી. જો તેનાં બચાવમાં યોગ્ય પગલાં નહીં ભરાય તો તેનાં હાલ પણ ચિત્તા જેવા જ થશે. વિશ્વભરમાં અનેક પ્રજાતિઓ નિકંદનના આરે ઊભી છે, માનવીય હસ્તક્ષેપ અને ઇકોલોજીની જૂની થઇ ગયેલી વાતો ઘણાં લોકોને સામાન્ય લાગે છે. પૃથ્વી પર સમૃધ્ધ જીવનનું કાયન જૈવ વૈવિધ્ય છે, જેના વિના જીવનનું ખીલવું કદાચ મુશ્કેલ હોત. યુનાઇટેડ નેશન્સે ૨૦૧૦-૨૦ ને એ ડેકેટ ઓફ બાયોડાયવર્સિટી જાહેર કરેલ છે. પ્રકૃતિનાં નિયમો સાથે ખિલવાડ કરવામાં કોઇ સમજદારી નથી એવું સમજયા પછી પણ ના સમજવું એ બેવકૂફી છે પણ આપણાં ત્યાં બેવકૂફીનાં માપદંડો બહુ સંકુચિત છે એ વિસ્તૃત થાય ત્યાં સુધી... સાયોનારા...

- ch9723367947@yahoo.com

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

### ૨૪મી ઓગષ્ટ

● પ્રેમશૌર્યના કવિ-ગુજરાતી ગદ્યના પ્રથમ લેખક શ્રી નર્મદાશંકર 'નર્મદ'નો સુરત ખાતે જન્મ ૧૮૩૩.

કલમનો ખોળે જીવન સમર્પી દેનાર, મહાન સમાજસુધારક. 'સહુ ચલો જીતવા જંગ, બ્યુગલો વાગે યા હોમ કરીને પડો ફતેહ છે આગે' આ જુસ્સો વ્યક્ત કરનાર નર્મદે ગુજરાતી કવિતાને દેશાભિમાન, પ્રકૃતિ અને પ્રણયનાં રંગનો નવો જ વળાંક આપ્યો.



● મહાન વિદ્યુત શાસ્ત્રી મિશેલ ફેરાડેનો જન્મદિન - ૧૯૨૪.



● પ્રખર સાહિત્યકાર જયંતિ દલાલનું અવસાન - ૧૯૭૦.

● ૧૯૭૧માં ઇંગ્લેન્ડની ધરતી પર પ્રથમવાર ક્રિકેટમાં વાડેકરની સરદારી હેઠળ ભારતનો વિજય.

● ૧૯૦૬માં કિડની પ્રત્યારોપણનો પ્રથમ કિસ્સો ટોરેન્ટોમાં, બિલાડી-કૂતરા પર કિડની પ્રત્યારોપણનો પ્રયોગ.

# કયા ક્રિકેટરે ૮૦૦ વિકેટો લેવાનો વિક્રમ સર્જ્યો?

## વિષય : ખેલ જગત

(૧) વિમ્બલ્ડન ૨૦૧૦ ટેનિશ ચેમ્પિટનશીપમાં પુરૂષ એકટ સ્પર્ધા કોણે જીતી હતી?
(અ) રોજર ફેડરર (બ) ઓગસ્ટીન વેલોટી
(ક) રાફેલ નાડેલ (ડ) જુર્ગેન મેલ્જર
(૨) તાજેતરમાં ભારતીય વાયુસેના ગ્રુપ કેપ્ટનની માનદ્ પદવી કયા ક્રિકેટરને એનાયત કરાઈ?
(અ) મહેન્દ્રસિંહ ધોની (બ) યુવરાજસિંહ
(ક) વિરેન્દ્ર સહેવાગ (ડ) સચિન તેન્ડુલકર
(૩) વર્ષ ૨૦૧૦ની એશિયાડ ગેમ્સ કયા શહેરમાં રમાઇ હતી?
(અ) દિલ્હી (બ) વાંગ્ઝુ (ક) કરાંચી (ડ) હાંગકાંગ
(૪) ૨૦૧૧ ક્રિકેટ વર્લ્ડકપના એમ્બેસેડર તરીકે કોની વરણી થઇ હતી?
(અ) વિરેન્દ્ર સહેવાગ (બ) મહેન્દ્રસિંહ ધોની
(ક) સચિન તેન્ડુલકર (ડ) યુવરાજસિંહ
(૫) એશિયાડ ગેમ્સ ૨૦૧૦ માં ભારતને પ્રથમ ગોલ્ડ મેડલ કોણે અપાવ્યો?
(અ) સુશીલકુમાર (બ) અભિનય બિન્દ્રા
(ક) સાઇના નહેવાલ (ડ) પંકજ અડવાણી
(૬) ન્યૂઝીલેન્ડ સામે ટેસ્ટ ક્રિકેટમાં કયા ખેલાડીએ સતત બે મેચમાં સદી ફટકારી હતી?
(અ) સચિન (બ) સહેવાગ
(ક) લક્ષ્મણ (ડ) હરભજનસિંહ
(૭) IPL-3 માં કંઇ ટીમ ચેમ્પિયન બની હતી?
(અ) રાજસ્થાન રોયલ (બ) મુંબઇ ઇન્ડિયન્સ
(ક) ચેન્નાઇ સુપરકીંગ (ડ) પંજાબ કિંગ્સ
(૮) કયા ક્રિકેટરે ૮૦૦ વિકેટો લેવાનો વિક્રમ સર્જ્યો?
(અ) શેન વોર્ન (બ) અનિલ કુંબલે
(ક) હરભજન સિંહ (ડ) મુથૈયા મુરલીધરન
(૯) રોજર ફેડરર કયા દેશનો ખેલાડી છે?
(અ) ફિનલેન્ડ (બ) સ્વિત્ઝરલેન્ડ
(ક) અમેરિકા (ડ) સ્પેન
(૧૦) સાઉથ એશિયન રમતોત્સવ ૨૦૧૦માં ભારતને કુલ કેટલાં સુવર્ણચંદ્રક મળ્યા હતા?
(અ) ૬૦ (બ) ૫૫ (ક) ૩૦ (ડ) ૫૦
(૧૧) ૩૧મી ઓલમ્પિક રમતોત્સવ, ૨૦૧૬માં કયા સ્થળે યોજાવાની છે?
(અ) શિકાગો (બ) મોસ્કો (ક) રીઓડી જનેરો (ડ) મનીલા
(૧૨) ઇન્ટરનેશનલ શાર્પ શૂટીંગમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર સુરેન્દ્રસિંહ રાઠોડ કયા શહેરમાં છે?
(અ) રાજકોટ (બ) પાલનપુર (ક) વડોદરા (ડ) વડનગર
(૧૩) વિશ્વનો સૌથી ધનિક ખેલાડી ક્રિસ્ટીયાનો રોનાલ્ડો કયા દેશનો છે?
(અ) પોર્ટુગલ (બ) સ્વિત્ઝરલેન્ડ (ક) ફ્રાન્સ (ડ) અમેરિકા
(૧૪) વિજેન્દરસિંહ કઇ રમત સાથે જોડાયેલા છે?
(અ) રેશલીંગ (બ) શૂટિંગ (ક) ચેસ (ડ) બોકિંસગ
(૧૫) ફાસ્ટેસ્ટ મેન ઓફ ધ અર્થ બનનાર ઉસૈન બોલ્ટ કયા દેશનાં ખેલાડી છે?
(અ) સ્પેન (બ) જમૈકા
(ક) અમેરિકા (ડ) પોર્ટુગલ




## ● વિવિધા ●

| નામ | ક્ષેત્ર | વિશેષ નોંધ |
| --- | --- | --- |
| કાકાસાહેબ કાલેલકર | સાહિત્ય અને શિક્ષણ | ગાંધીવાદી ચિંતક |
| મણિશંકર ભટ્ટ 'કાન્ત' | સાહિત્ય | કવિ |
| કાર્લ ખંડવાલા | કલા-કાયદો અને ન્યાય | કલામીમાંસક, ન્યાયવિદ |
| કાંતિ પટેલ | શિલ્પ અને કલા | કુશળ શિલ્પી |
| કિશોરલાલ મશરૂવાલા | તત્ત્વજ્ઞાન | ગાંધીદર્શનના ભાષ્યકાર |
| કુમુદિની લાખીયા | નૃત્ય | કથક પ્રચારક |
| કે ખુશરો કાબરજી | નાટ્યકલા | ગુજરાતી નાટક મંડળીના સ્થાપક |
| કે.ટી. શાહ | અર્થકારણ | આર્થિક આયોજનના નિષ્ણાંત |
| કે.લાલ | જાદુકલા | વિશ્વવિખ્યાત જાદુગર |
| ખંડુભાઇ દેસાઇ | શ્રમ અને સંગઠન | ગાંધીવાદી મજૂર નેતા |
| ખુશાલભાઇ શાહ | અર્થકારણ | સ્વતંત્ર ભારતના આર્થિક આયોજનના પ્રથમ ઘડવૈયા |

### ગયા સપ્તાહનો સવાલ...?

સવાલ - તાજેતરમાં મહારાષ્ટ્રના કયા ભૂતપૂર્વ મુખ્યમંત્રીનું નિધન થયું?
જવાબ - વિલાસરાવ દેશમુખ

### સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૨) નટુભાઇ દરજી : પેથાપુર
(૩) મૂળજીભાઇ પરમાર 'દધિ' : ૫૫૩/૧ સે-૭બી
(૪) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૫) જયેન્દ્રપ્રસાદ એન. પાઠક : ૬૨૦/૧ સે-૬બી
(૬) રેખા. એમ. જાદવ : સે-૩૦
(૭) રૂચિત એ. પટેલ : સે-૨૯
(૮) આકાશ જી. પટેલ : સે-૨૩

### પૂછું એક સવાલ...?

(૧) વ્યાસ તન્મય એસ. : સે-૪થી
પ્રશ્ન - સુએઝ નહેર કયાં આવેલી છે?
જવાબ - રાતા સમુદ્ર અને ભૂમધ્ય સમુદ્રને જોડતી નહેર
(૨) ધાર્મિક એસ. પટેલ : સે-૨૦થી
પ્રશ્ન - અમેરિકાનું વોશિંગ્ટન શહેર કઇ નદીના કિનારે વસેલું છે?

(અનુસંધાન પાના નં. ૬ પર)

## ઘીનો દીવો

આપણા રાષ્ટ્રપિતા ગાંધીજી.

તેઓ ગરીબોનું ભલું ઈચ્છતા.

ગરીબને ના મળે તેવી સગવડ કે શોભાથી ગાંધીજી નારાજ.

એકવાર એમનાં પત્ની કસ્તૂરબાને ગાંધીજીનો જન્મદિવસ ઉજવવાની હોંશ થઇ આવી. ગાંધીજીને તો એવું ઉજવણું ગમતું નહીં પણ આ વખતે બાનું માન રાખ્યું. કહે "તો ભલે, સાદાઈથી ઉજવો."

એ વખતે તેઓ સેવાગ્રામમાં હતા. ત્યાંનાં નિવાસને શણગારવામાં આવ્યો. આસપાસનાં ગામડામાંથી ગરીબ લોકો સભામાં આવવાં માંડ્યાં. સભાખંડ ખીંચોખીચ ભરાઇ ગયો. સમય જતાં ગાંધીજી સભામાં આવ્યાં. સૌની સાથે પ્રાર્થના કરી. હવે તેમનું ભાષણ શરૂ થવાનું હતુ. બધા કાન સરવા કરીને બેઠા હતા.

ભાષણ કરતાં પહેલાં ગાંધીજીએ પૂછ્યું, "આજે સભામાં દીવો કેમ છે? કોણ લાવ્યું દીવો?" કસ્તૂરબાએ આંગળી ઊંચી કરી.

"કયાંથી લાવ્યાં?"




"બાજુના ગામડામાંથી."

"રોજ તો પ્રાર્થનાસભામાં દીવો નથી કરતાં આપણે"

"આ બરાબર ના થયું. જન્મદિવસ એ કંઇ નવી - નવાઈનો દિવસ નથી. વળી આ દીવો શેનો છે."

"ઘીનો"

"ઘી કેટલું મોંઘુ છે તે જાણો છો? ગરીબોને રોટલા પર ચોપડવા તેલનું ટીપું પણ મળતું નથી. અને અહીં મારી સામે અમથું અમથું દીવામાં ઘી સળગે એ કેવું? ગરીબને મળી ના શકે એ ચીજનો આપણાથી બગાડ કેમ થાય?"

હવે, ગાંધીજીનું ભાષણ શરૂ થાય તે પહેલાં બાએ ઘીનો દીવો હોલવી નાખ્યો.

## રમીએ છુક છુક ગાડી

**ચાલો રમીએ છુક છુક ગાડી**
**અશ્વિન, પિંકલ, ગોપાલ, સૌને**
**બોલાવો બૂમ પાડી,**
**ચાલો રમીએ છુક છુક ગાડી**
**બાક્સના છ ડબ્બા કરીએ**
**અને ગારાનાં પૈડાં,**
**એન્જિન કરીશું શેનું - વાત પર**
**સોનલ - સંજના લડ્યાં,**
**માનવે શાંત કરવા સૌને**
**મોટેથી હાંક પાડી,**
**ચાલો રમીએ છુક છુક ગાડી,**
**સૃષ્ટિ લાવી લાવી એન્જિન સાથે**
**રાતી-લીલી ઝંડી,**
**કાગળની બારી કીધી,**
**અંદર લાગે ના ઠંડી,**
**પાટા દોર્યા ચોક વડે કે**
**દોડી છુક છુક ગાડી,**
**ચાલો રમીએ છુક છુક ગાડી**

## આ ચિત્રમાં રંગ પૂરો



**બાળ મિત્રો,**

**સઢને રાખી વણફેલાયો**
**વાયુનો કાઢ ન વાંક;**
**હાલ્ય રે બેલી! હાલની લ્હેરે**
**કયાંક શું જોયો થાક?**

હવે ધીમે ધીમે અભ્યાસક્રમ આગળ વધતો જાય છે. નવું શીખવાનું - અઘરું લાગે છે. થોડું સમજાય છે. થોડું નથી સમજાતું. અને આપણે વિચારવા માંડીએ છીએ, શું કરી તો વધારે માર્કસ આવે? કેવું વાંચીએ તો બધુ યાદ રહી જાય? કેવું વાંચીએ તો બધું યાદ રહી જાય? પણ પાછી મહેનત કરવાની આળસ આવે છે. બીજી આડી અવળી રમતોમાં મન પરોવાયેલું રહેલું છે અને ધાર્યું પરિણામ મેળવી શકાતું નથી. ત્યારે આપણે શું કરીએ છીએ?

બહાનાંબાજી ચાલુ કરી દઈએ છીએ? બધા વિષયના શિક્ષકો નથી - પેપર અઘરું હતું. કોર્સ બહારના પ્રશ્નો હતા. પેપર લાંબુ હતું એટલે સમય ખૂટ્યો... વગેરે વગેરે...

પણ એક જ વાત સ્વીકારતા નથી કે મારી મહેનત ઓછી પડી કે મારી લગન ઓછી પડી.

આપણને ટેવ પડી ગઇ છે બીજાનો વાંક કાઢવાની. પણ આપણી ખામીઓ નજરે પડતી નથી. પછી એમાં સુધારો કરવાની તો વાત જ કયાંથી આવે?

એના કરતાં તન-મન-ધનથી લાગી જઈએ મહેનત કરવા - એક જ લક્ષ્ય રાખીને - તો સફળતા મળે જ એમાં કોઇ શંકા નથી. તો, કોની રાહ જૂઓ છો?

"કઠોર પરિશ્રમનો કોઇ વિકલ્પ નથી."